# 07 અંકુશ

પ્રકરણ ભાર : ૦૬ ગુણ

*આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુ સમાન છે.*
*Planning & controlling are two side of Same coin*



## પ્રકરણ વિશેષ

**ચેસ્ટર ઈરવીગ બર્નાર્ડ (૧૮૮૬-૧૯૬૧)**

- અમેરિકન ધંધાકીય ઓફિસર
- વ્યવસ્થાતંત્રીય સિદ્ધાંતોના પ્રણેતા
- ધી ફંકશન ઓફ ધી એક્ઝેક્યુટીવ તરીકે વિશેષ ઓળખ
- અવૈધિક વ્યવસ્થાતંત્રના ઉદ્દભવદાતા
- વ્યવસ્થાતંત્રમાં માનવ પરિબળોને મહત્વનું સ્થાન અપાવનાર

## પ્રકરણ ઉદ્દેશ

- અંકુશ એ સંચાલનનું અંતિમ કાર્ય છે તેની સ્પષ્ટતા કરવી.
- અંકુશ વિના સંચાલનનાં અન્ય કાર્યો સફળ થઈ શકતા નથી એ મહત્વ દ્વારા સમજ કેળવવી.
- આયોજન અને અંકુશ વચ્ચેના ગાઢ સંબંધની સમજ દ્રઢ કરવી.
- અંકુશ પ્રક્રિયાના તબક્કાની સમજૂતી દ્વારા અંકુશની રચના સમજવાનો પ્રયાસ કરવો.

## પ્રકરણ વર્ગીકરણ

**યુનિટ : ૦૧**
અંકુશ-ખ્યાલ-અર્થ-લાક્ષણિકતાઓ

**યુનિટ : ૦૨**
અંકુશનું મહત્વ - આયોજન અને અંકુશ વચ્ચેનો સંબંધ

**યુનિટ : 03**
અંકુશ પ્રક્રિયાના તબક્કા

## વિભાગ : A

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરીને લખો : ( પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૧ ગુણ ) 🔒 નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.**

**1.** 🔒 પ્રયત્ન,પરિણામ તથા સાધનો અને ઉદ્દેશો વચ્ચે સંતુલન સાધવાનુ કાર્ય એટલે.
(અ) આયોજન (બ) દોરવણી (ક) અંકુશ (ડ) પ્રબંધ

**2.** 🔒 અંકુશની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો એટલે......
(અ) કામગીરીનુ માપન (બ) સુધારાલક્ષી પગલા (ક) વિચલનો દૂર કરવા (ડ) ધોરણોની સ્થાપના

**3.** ધોરણો કરતાં વધુ સારાં પરિણામો મળે ત્યારે....
(અ) ધોરણો નીચા સ્થાપેલા ગણાય (બ) યંત્રો કારણભૂત ગણાય (ક) તાલીમ ઉત્તમ ગણાય (ડ) કર્મચારીની પ્રશંસા થાય

4. અંકુશની પ્રક્રિયાનો અંતિમ તબક્કો એટલે..
(અ) કામગીરીનુ માપન (બ) સુધારાલક્ષી પગલા (ક) વિચલનો દૂર કરવા (ડ) ધોરણોની સ્થાપના
5. આદર્શ અંકુશ વ્યવસ્થા બધા જ વિભાગોને માર્ગદર્શન આપીને.....
(અ) સત્તાની સોંપણી કરે છે. (બ) આયોજન કરે છે (ક) અહેવાલ તૈયાર કરાવે (ડ) સંકલન કેળવે
6. પ્રાચીન સામાન્ય અર્થમાં અંકુશ એટલે.....
(અ) સુધારાત્મક પ્રવૃત્તિ (બ) રચનાત્મક પ્રવૃત્તિ (ક) ભૂલો દૂર કરવાની પ્રવૃત્તિ (ડ) સ્વતંત્રતામા અવરોધક પ્રવૃત્તિ
7. 🔒 સંચાલનનુ અંતિમ કાર્ય કયું છે?
(અ) આયોજન (બ) દોરવણી (ક) અંકુશ (ડ) પ્રબંધ
8. અંકુશ એ સંચાલનની પ્રક્રિયાનુ કયુ કાર્ય છે?
(અ) પ્રથમ (બ) દ્વિતીય (ક) અંતિમ (ડ) વિસ્તૃત
9. 🔒 અંકુશની કામગીરી કઈ સપાટીએ થાય છે?
(અ) ઉચ્ચ સપાટીએ (બ) મધ્ય સપાટીએ (ક) નિમ્ન સપાટીએ (ડ) દરેક સપાટીએ
10. એક નિષ્ણાંતે આયોજન અને અંકુશને કોની સાથે સરખાવેલ છે?
(અ) શિક્ષક અને વિદ્યાર્થી (બ) માતા અને પિતા (ક) કાકા અને કાકી (ડ) જોડિયા બાળકો
11. આયોજનને શાની સાથે જોડિયા બાળક જેવો સંબંધ છે?
(અ) સંગઠન (બ) માહિતીસંચાર (ક) અંકુશ (ડ) માહિતીપ્રેષણ
12. 🔒 આયોજન અનુસાર કાર્ય થાય છે કે નહિ તે જોવાની કામગીરી સંચાલનનું કયું કાર્ય કરે છે?
(અ) તાલીમ (બ) માહિતીસંચાર (ક) અંકુશ (ડ) માહિતીપ્રેષણ
13. 🔒 અંકુશ એ કેવી પ્રક્રિયા નથી?
(અ) સતત (બ) આંતરીક (ક) જડ (ડ) ગતિશીલ
14. 🔒 નીચેનામાંથી કયું કાર્ય અંકુશનું નથી ?
(અ) કાર્યોની પ્રગતિ (બ) ધોરણો સાથે સરખામણી (ક) ઉદ્દેશો નક્કી કરવા (ડ) વિચલનોની જાણકારી
15. 🔒 સંચાલનનું કયું કાર્ય અંકુશના જન્મદાતા તરીકે ઓળખાય છે? માર્ચ ૨૦૧૯,૨૦૨૦
(અ) આયોજન (બ) દોરવણી (ક) અંકુશ (ડ) પ્રબંધ
16. 🔒 વિચલનોની જાણકારી મેળવ્યા પછી સંચાલકો તેને દૂર કરવા કેવા ઉપાયો હાથ ધરે છે?
(અ) તાલીમ આપવી (બ) કર્મચારીઓને છૂટા કરવા
(ક) સુધારાલક્ષી પગલાં લેવા (ડ) નિષ્ણાંતોની નિમણૂંક કરવી
17. 🔒 એકમમાં સ્થાપિત ધોરણો કરતાં વધુ સારાં પરિણામ મળે ત્યારે શું કરવામાં આવે છે?
(અ) ધોરણો સુધારીને નીચા કરવા (બ) ધોરણો સુધારીને ઊંચા કરવા
(ક) ધોરણોમાં ફેરફાર ન કરવો (ડ) ધોરણો દૂર કરવા
18. આયોજન ધ્યેય નક્કી કરે છે,અને અંકુશ તેને બનાવે છે?
(અ) નીચુ બનાવે છે (બ) આળસુ બનાવે છે. (ક) અસરકારક બનાવે છે. (ડ) કાયમી બનાવે છે.
19. ...... વગરનું ઔદ્યોગિક એકમ સારથી વગરનાં રથ જેવુ ગણાય છે?
(અ) આયોજન (બ) વ્યવસ્થાતંત્ર (ક) અંકુશ (ડ) દોરવણી
20. અંકુશ એ .......સુધારણા તરફનો ખ્યાલ છે?
(અ) વર્તમાન (બ) ભૂતકાળ (ક) ભાવિ (ડ) ચાલુ ભૂતકાળ
21. અંકુશ એ સંચાલનની કઈ સપાટીએ થતું કાર્ય છે?
(અ) ઉચ્ચ સપાટી (બ) મધ્ય સપાટી (ક) નિમ્ન સપાટી (ડ) દરેક સપાટીએ

**ઉત્તરો :**

1) (ક) અંકુશ
2) ડ) ધોરણોની સ્થાપના
3) (અ) ધોરણો નીચા સ્થાપેલા ગણાય
4) (બ) સુધારાલક્ષી પગલા
5) (ડ) સંકલન કેળવે
6) (ડ) સ્વતંત્રતામા અવરોધક પ્રવૃત્તિ
7) (ક) અંકુશ
8) (ક) અંતિમ
9) (ડ) દરેક સપાટીએ

10) (ક) જોડિયા બાળકો
11) (ક) અંકુશ
12) (ક) અંકુશ
13) (ક) જડ
14) (ક) ઉદ્દેશો નક્કી કરવા
15) (અ) આયોજન
16) (ક) સુધારાલક્ષી પગલાં લેવા
17)(બ)ધોરણો સુધારીને ઊંચા કરવા
18) (ક) અસરકારક બનાવે છે.
19) (ક) અંકુશ
20) (ક) ભાવિ
21) (ક) દરેક સપાટીએ

## વિભાગ : B

**નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.( પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૧ ગુણ ) નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.**

**1. વિચલન એટલે શું?**

જવાબ: ખરેખર થયેલ કામગીરી અને સ્થાપિત ધોરણો વચ્ચેનો તફાવત એટલે વિચલન.

**2. આયોજનને સંચાલનના કયા કાર્ય સાથે ગાઢ સંબંધ છે?**

જવાબ: આયોજનને સંચાલનના અંકુશ કાર્ય સાથે ગાઢ સંબંધ છે.

**3. સંચાલનનાં બધાં જ કાર્યો કયાં કાર્ય પહેલાં કરવામાં આવે તે આવશ્યક અને જરૂરી છે?**

જવાબ: સંચાલનનાં બધાં જ કાર્યો અંકુશ કાર્ય પહેલાં કરવામાં આવે તે આવશ્યક અને જરૂરી છે.

**4. આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુ જેવા છે સમજાવો.**

જવાબ: કારણ કે જયાં આયોજન હોય ત્યાં અંકુશની જરૂર પડે છે અને અંકુશ રાખવામાં આવ્યો હોય ત્યાં અગાઉથી આયોજન કરવામાં આવ્યુ હોય છે.

**5. કામગીરીનું માપન શા માટે જરૂરી છે?**

જવાબ: પૂર્વનિર્ધારિત ધોરણો પ્રમાણે જ કામ થાય છે કે નહિ તે જાણવા માટે કાર્યોનું માપન જરૂરી છે.

**6. ધંધાનાં અસ્તિત્વને જોખમમાં મૂકતાં બાહ્ય પરિબળો કયાં છે?**

જવાબ: બાહ્ય પરિબળો જેવા કે કાચા માલની તંગી,હડતાલ,હરિફાઇ,સરકારની નીતિમાં બદલાવ,મંદી વગેરે ધંધાના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.

**7. ધોરણો કયા કયા હોઈ શકે?**

જવાબ: ધોરણો સંખ્યાત્મક,ગુણાત્મક, લાંબા ગાળાનાં કે ટુંકા ગાળાના હોઈ શકે.

**8. કામગીરીની માપન કઈ રીતે થઈ શકે?**

જવાબ: કામગીરીનું માપન સંખ્યાત્મક રીતે,ગુણાત્મક રીતે કે બંને રીતે થઈ શકે છે.

**9. ક્યારે સુધારાલક્ષી પગલા લેવામાં આવતા નથી?**

જવાબ: જયારે વિચલનો સામાન્ય કે સ્વીકાર્ય હોય ત્યારે સુધારાલક્ષી પગલાં લેવામાં આવતા નથી.

**10.કાર્યક્ષમતાનો માપદંડ અને સુધારાલક્ષી સાધન જણાવો?**

જવાબ: અંકુશ એ કાર્યક્ષમતાનો માપદંડ અને સુધારાલક્ષી સાધન છે.

**11.માપનની સંખ્યાત્મક પદ્ધતિ જણાવો.**

જવાબ: અંકુશ પ્રક્રિયામાં કામગીરીના માપનને ચોક્કસ આંકડામાં,સંખ્યામાં કે જથ્થામાં સ્પષ્ટ રીતે દર્શાવી શકાતું હોય તો તેવી પદ્ધતિને સંખ્યાત્મક પદ્ધતિ કહે છે.

**12.અંકુશનુ મહત્વ દર્શાવતા બે મુદ્દા દર્શાવો.**

જવાબ: અંકુશ એકમના પૂર્વનિર્ધારિત ઉદ્દેશો પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે.
અંકુશ અને આયોજન વચ્ચે ગાઢ સબંધ છે જેથી અંકુશ દ્વારા આયોજન અસરકારક બને છે.

**13.અંકુશની વ્યાખ્યા આપો.**

જવાબ: પ્રયત્ન અને પરિણામ તથા સાધનો અને ઉદેશો વચ્ચે સમતુલા જાળવવાનુ કાર્ય એટલે અંકુશ.

**14. અંકુશનું કાર્ય સંચાલનની કઈ સપાટીએ થાય છે?**

જવાબ: અંકશુનું કાર્ય સંચાલનની દરેક સપાટીએ થાય છે.

**15.અંકુશના સુધારાલક્ષી બે પગલા જણાવો.**

જવાબ: પરિસ્થિતીમાં ફેરફારો ન કરવા
પરિસ્થિતીમાં ફેરફાર કરી વિચલનો દુર કરવા
ધોરણોમાં ફેરફાર કરી નવા ધોરણોની સ્થાપના

**16.અંકુશને સતત પ્રક્રિયા શા માટે કહે છે.?**

જવાબ: આયોજન જેવી સતત પ્રક્રિયા છે.કર્મચારીઓ,પ્રવૃત્તિઓ અને વસ્તુઓ પર સતત દેખરેખ રાખી વિચલનો દુર કરવાની સતત પ્રક્રિયા છે તેથી.

## વિભાગ : C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.( પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૨ ગુણ ) નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.**

1. **અંકુશ રચનાત્મક પ્રવૃત્તિ છે-સમજાવો. માર્ચ ૨૦૧૯**

✓ પ્રાચીન સામાન્ય અર્થમાં અંકુશ એટલે સ્વતંત્રતામાં અવરોધક પ્રવૃત્તિ.અંકુશ કર્મચારીઓની સ્વતંત્રતા ઝૂંટવી લે છે તેવુ માનવામાં આવતુ હતું પરંતુ વાસ્તવિક અર્થમાં એવુ નથી.

✓ અંકુશ તો રચનાત્મક કાય, છે.નક્કિ કરેલા ધ્યેયો અનુસાર કામગીરી થાય છે કે નહિ તે જૂએ છે.તેની દેખરેખ રાખે છે,વિચલનો શોધી દૂર કરે છે,અને જરૂર જણાય ત્યાં માર્ગદર્શનનુ કાર્ય પણ કરે છે.

✓ તેથી અંકુશ તો રચનાત્મક કાર્ય છે.

2. **ધંધાના અસ્તિત્વને જોખમમાં મૂકતાં બાહ્ય પરિબળો કયાં છે? માર્ચ ૨૦૨૦**

✓ ધંધાના અસ્તિત્વને જોખમમાં મૂકતાં બાહ્ય પરિબળો તેજી-મંદી,સરકારની નીતિમાં ફેરફાર,કાચા માલની તંગી,ફરિફાઈ,લોકોની ફેશન,ફેશનમાં બદલાવ,લોકોની અભિરૂચિ,ગ્રાહકોનું બદલાતુ વલણ વગેરે છે.

3. **અંકુશનો અર્થ આપો.**

- અંકુશ એટલે શું થઈ રહ્યુ છે તે નક્કિ કરવું થઈ રહેલા કાર્યનુ મૂલ્યાંકન કરવુ અને જો આવશ્યકતા લાગે તો જરૂરી સુધારાંના પગલાં લેવા જેથી પૂર્વનિર્ધારીત ધ્યેયો અનુસાર જ કામગીરી થાય.

4. **અંકુશ એ સતત પ્રક્રિયા છે. - સમજાવા.**

- અંકુશ ને આયોજન સાથે નજીકનો સંબંધ છે.તેથી આયોજન શરૂ થાય એટલે અંકુશની કામગીરી આપો આપ શરૂ થતી હોય છે.
- આયોજન જેવી સતત પ્રક્રિયા છે.
- કર્મચારીઓ,પ્રવૃત્તિઓ અને વસ્તુઓ પર સતત દેખરેખ રાખી વિચલનો દુર કરવાની સતત પ્રકિયા છે તેથી કહી શકાય કે અંકુશ એ સતત ચાલતી કાયમી અને અવિરત પ્રવૃત્તિ છે.

5. **અંકુશ કઈ રીતે આંતરીક પ્રક્રિયા ગણાય ?**

✓ આયોજનમાં ઘડવામાં આવતાં કાર્યક્રમોને આંતરીક અને બાહ્ય પરિબળો અસર કરે છે.

✓ જેમાંથી અંકુશ આંતરીક પરિબળોને નિયંત્રણમાં રાખે છે જયારે બાહ્ય પરિબળો જોખમમાં મૂકે છે.

✓ આમ અંકુશ માત્ર એકમની આંતરીક શક્તિઓ પર જ રાખી શકાય છે તેથી આંતરીક પ્રક્રિયા ગણાય છે.

6. **અંકુશ એ ગતિશીલ પ્રક્રિયા છે.-કેવી રીતે?**

- અંકુશ એ જડ અને સ્થિર નથી પરંતુ પરિવર્તનશીલ અને ગતિશીલ છે.
- કારણ કે સમય સંજોગો બદલાતા અંકુશના ધોરણોમાં પણ ફેરફાર કરવામાં આવે છે.
- નવા ધોરણો અમલમાં આવે છે અને અંકુશ સતત બદલાયા કરે છે.

7. **આયોજન અંકુશનો જન્મદાતા છે. - સમજાવો.**

- આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુ સમાન છે.
- આયોજન અને અંકુશ પરસ્પર સંકળાયેલા છે.જો આયોજન કરવામાં ન આવે તો ધ્યેયો સ્થાપી શકાતા નથી,
- ધ્યેયો ની સ્થાપના ન થાય તો,તેની સરખામણી થઈ શકતી નથી અને કામગીરી સાથે સરખામણી ન થાય તો વિચલનો મળતા નથી અને વિચલનો ન મળે તો અંકુશની જરૂર જ ન રહે.
- આમ,આયોજન એ જ અંકુશનો જન્મદાતા છે.

## વિભાગ : D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.( પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૩ ગુણ ) નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.**

1. **અંકુશ પ્રક્રિયાના તબક્કાઓ પૈકી સુધારાલક્ષી પગલાંઓ અંગે સમજુતિ આપો.** માર્ચ ૨૦૨૦

**જવાબ:**

અંકુશ પ્રક્રિયાનો અંતિમ તબક્કો એટલે સુધારાલક્ષી પગલાં લેવાનો છે.જેમાં નીચેના તબક્કાઓ અનુસરવામાં આવે છે.

**(અ) પરિસ્થિતીમાં ફેરફારો ન કરવા :**

- ✓ જો વિચલનો સામાન્ય કે સ્વીકાર્ય હોય તો પરિસ્થિતીમાં ફેરફાર કરવાની જરૂર રહેતી નથી.

**(બ) પરિસ્થિતીમાં ફેરફાર કરી વિચલનો દુર કરવા :**

- ✓ જો વિચલનો અસામાન્ય હોય તો ફેરફાર કરી વિચલનો દૂર કરવા જોઈએ જેથી ભવિષ્યમાં તેનુ પુનરાવર્તન ન થાય.

**(ક) ધોરણોમાં ફેરફાર કરી નવા ધોરણોની સ્થાપના :-**

- ✓ ઘણી વાર સતત પ્રયત્ન કરવા છતાં ધોરણોની નજીક પંહોચી શકાતુ ન હોય ત્યારે ધોરણો અતિ ઊંચા સ્થાપેલા ગણાય છે.
- ✓ આથી આવા ધોરણોમાં ફેરફાર કરી ફરી નવાં વ્યાજબી ધોરણો સ્થાપવા જોઈએ.
- ✓ કયારેક સ્થાપિત ધોરણો કરતાં વધુ સારાં પરિણામો પ્રાપ્ત થાય છે.
- ✓ તેનો મતલબ ધોરણો અતિ નીચા સ્થાપેલા ગણાય.ત્યારે પણ ધોરણોમાં ફેરફાર કરી ફરી વ્યવહારિક ધોરણો સ્થાપવામાં આવે છે.

2. **આયોજન અને અંકુશ વચ્ચેનો સંબંધ જણાવો.** માર્ચ ૨૦૧૯

**આયોજન અને અંકુશ વચ્ચેનો સંબંધ ચાર ભાગમાં વંહેચવામાં આવ્યો છે.**

**૧.આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુઓ છે.**

- આયોજન અને અંકુશ એ સંચાલનનાં બે ખૂબ જ મહત્વનાં પરસ્પર આધારીત કાર્યો છે.
- આયોજનની સફળતાનો આધાર અંકુશ પર રહેલો છે.
- અંકુશ દ્વારા પ્રવૃત્તિઓમાં રહી ગયેલાં વિચલનો શોધીને સુધારાલક્ષી પગલાં દ્વારા તેને યોગ્ય દિશામાં લઈ જવાય છે.
- જયારે બીજી બાજુ અંકુશ કાર્યનું અસ્તિત્વ આયોજન વગર શકય નથી.કારણ કે અંકુશના કાર્યમાં આયોજનના લક્ષ્યાંકો સિદ્ધ થયા છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવે છે એટલે જો આયોજન ન કર્યુ હોય તો અંકુશ કાર્યની કોઈ જરૂર રહેતી નથી.

**૨.પરિવર્તનો સામે રક્ષણ :-**

- આયોજનમાં જે કાર્યક્રમો ઘડવામાં આવે છે તેને આંતરીક અને બાહ્ય પરિબળો અસર કરે છે.
- જેમાંથી આંતરીક પરિબળો નિયંત્રણમાં લઈ શકાય છે.પરંતુ બાહ્ય પરિબળો આયોજનને નિષ્ફળ બનાવે છે.
- બાહ્ય પરિબળો જેવા કે કાચા માલની તંગી,હડતાલ,હરિફાઇ,સરકારની નીતિમાં બદલાવ,મંદી,ફેશનમાં પરિવર્તન,લોકોની અભિરુચિ વગેરે ધંધાના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.
- આવા સમયે અંકુશ પોતાની કામગીરી બજાવે છે.
- વિવિધ બાહ્ય પરિબળોની અસર સમજી જરૂરી સુધારાલક્ષી પગલાંઓ લે છે જેથી નક્કિ કરેલા આયોજન અનુસાર જ કામગીરી થાય.આમ,આયોજન અને અંકુશ પરિવર્તનો સામે રક્ષણ પુરૂં પાડે છે.

**૩.અંકુશ માટે આયોજન પૂર્વશર્ત છે.:-**

- ધંધાકીય એકમમાં ધ્યેયસિદ્ધિ કરવા યોજનાઓ ઘડવાનું કાર્ય કરે છે.
- યોજનાઓ મુજબ પ્રવૃત્તિ થાય છે કે નહીં તે જોવાનું કાર્ય અંકુશ દ્વારા થાય છે.
- અંકુશના કાર્યમાં આયોજનનાં ધોરણો સાથે કામગીરીનાં પરિણામોને સરખાવવામાં આવે છે.અને વિચલનો જણાતાં સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.આમ,અંકુશના કાર્ય માટે આયોજન પૂર્વશરત છે.

**૪.આયોજન એ અંકુશનો જન્મદાતા છે.:-**

- આયોજનને કારણે ક અંકુશનાં કાર્યનો જન્મ થાય છે.
- આયોજનમાં નક્કી થયેલી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ રાખવાનો હોય છે.તેથી આયોજન વગર અંકુશનું કાર્ય અસ્તિત્વમાં આવી શકે નહિ.
- આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને આયોજનને અંકુશનો જન્મદાતા તરીકે ઓળખવામાં આવે છે.

**3. 🔒 આયોજન અને અંકુશ એક જ સિક્કાની બે બાજુઓ છે.સમજાવો.**

- આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુ સમાન છે.
- કારણ કે જયાં આયોજન હોય ત્યાં અંકુશની જરૂર પડે છે અને અંકુશ રાખવામાં આવ્યો હોય ત્યાં અગાઉથી આયોજન કરવામાં આવ્યુ હોય છે.
- આમ બંને પરસ્પર સંકળાયેલા છે.એકબીજા પર આધારીત છે.બંને પૈકિ એકની ગેરહાજરીમાં બીજુ કાર્ય વ્યર્થ અને નિરર્થક બને છે.
- આયોજનમાં જે કાર્યક્રમો ઘડવામાં આવે છે તેને આંતરીક અને બાહ્ય પરિબળો અસર કરે છે.
- જેમાંથી આંતરીક પરિબળો નિયંત્રણમાં લઈ શકાય છે.પરંતુ બાહ્ય પરિબળો આયોજનને નિષ્ફળ બનાવે છે.
- બાહ્ય પરિબળો જેવા કે કાચા માલની તંગી,હડતાલ,હરિફાઇ,સરકારની નીતિમાં બદલાવ,મંદી વગેરે ધંધાના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.
- આવા સમયે અંકુશ પોતાની કામગીરી બજાવે છે.
- વિવિધ બાહ્ય પરિબળોની અસર સમજી જરૂરી સુધારાલક્ષી પગલાંઓ લે છે જેથી નક્કિ કરેલા આયોજન અનુસાર જ કામગીરી થાય.
- આમ આયોજન અને અંકુશનુ સહઅસ્તિત્વ જ સંચાલનને કાર્યક્ષમ બનાવે છે.તેથી જ કોઈ વિદ્રાને આયોજન અને અંકુશની સરખામણી જોડિયા બાળકો સાથે કરાવી છે.તો અન્ય કોઈ લેખકે તો આયોજનને અંકુશનો જન્મદાતા ગણાવ્યો છે.આયોજન એ અંકુશની પૂર્વશર્ત છે.બંને વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે.

**4. 🔒 અંકુશ એ નકારાત્મક કાર્ય નથી.વિધાનની યથાર્થતા ચર્ચો.**

- અંકુશ એ નકારાત્મક કાર્ય નથી.પરંતુ સકારાત્મક અને રચનાત્મક કાર્ય છે.
- પ્રાચીન સામાન્ય અર્થમાં અંકુશ એટલે સ્વતંત્રતામાં અવરોધક પ્રવૃત્તિ.અંકુશ કર્મચારીઓની સ્વતંત્રતા ઝૂંટવી લે છે તેવુ માનવામાં આવતુ હતું પરંતુ વાસ્તવિક અર્થમાં એવુ નથી.
- અંકુશ તો રચનાત્મક કાય, છે.નક્કિ કરેલા ધ્યેયો અનુસાર કામગીરી થાય છે કે નહિ તે જૂએ છે.તેની દેખરેખ રાખે છે,વિચલનો શોધી દૂર કરે છે,અને જરૂર જણાય ત્યાં માર્ગદર્શનનુ કાર્ય પણ કરે છે.
- તેથી અંકુશ તો રચનાત્મક કાર્ય છે.

**5. 🔒 અંકુશ એ સંચાલનનું છેવટનું કાર્ય છે ? શા માટે?**

- અંકુશ એ સંચાલન પ્રક્રિયાનુ અંતિમ અને છેવટનું કાર્ય છે.
- સંચાલન પ્રક્રિયા વિવિધ કાર્યપ્રવૃત્તિઓનો સમુહ છે.જેવા કે આયોજન,વ્યવસ્થાતંત્ર,દોરવણી,કર્મચારી વ્યવસ્થા,સંકલન વગેરે.
- અંકુશનુ કાર્ય શરૂ થતાં પહેલા અનિવાર્ય શર્ત એ છે કે સંચાલનના બધાં જ કાર્યો નક્કિ થઈ જવા જોઈએ.
- સૌપ્રથમ આયોજનમાં ધ્યેય નક્કિ થાય,વ્યવસ્થાતંત્રમાં સત્તા-જવાબદારીની વંહેચણી થાય,કર્મચારી વ્યવસ્થામાં દોરવણી,માર્ગદર્શન અપાય અને ત્યાર બાદ અંકુશનુ કાર્ય શરૂ થાય છે.
- અંકુશનું કાર્ય નિયમનનું છે.જે એકમની પ્રવૃત્તિઓ કાર્યરત થયા પછી જ શરૂ થાય છે.
- તેથી કહી શકાય કે અંકુશ એ સંચાલનનુ છેવટનુ કાર્ય છે.

## વિભાગ : E

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.( પ્રત્યેક સાચા ઉત્તરનો ૦૫ ગુણ ) 🔒 નિશાની વાળા પ્રશ્નો સ્વાધ્યાયના છે.**

## ૧. અંકુશનો અર્થ આપી તેની લાક્ષણિકતાઓ સમજાવો.

**જવાબ:**

- ધંધાકીય અકમનાં ધ્યેયો સિદ્ધ કરવા માટે આયોજન એ ભવિષ્ય માટેનો નકશો છે.માર્ગ છે.
- એકમ તે માર્ગે ચાલે તો ધ્યેયસિદ્ધિ સરળ બને છે.
- આયોજન દ્વારા કાર્યના એકમનાં પૂર્વનિર્ધારીત ધોરણો નક્કી કરવામાં આવે છે.
- આ ધોરણોને ખરેખર થયેલ કાર્ય સાથે સરખાવવામાં આવે છે.
- જો તેમાં  મહત્વના તફાવતો જોવા મળે તો તેના કારણો શોધી તેને દૂર કરવા સુધારાલક્ષી  પગલાં લેવામાં  આવે છે.
- આ કાર્યને સામાન્ય રીતે અંકુશ તરીકે ઓળખવામાં આવે છે.
- પૂર્વનિર્ધારીત ધોરણો પ્રમાણે કાર્યો થતાં રહે તે રીતે પ્રવૃત્તિઓનું નિયમન કરવું એ અંકુશનું હાર્દ છે.

### ❖અંકુશનો અર્થ :-

- *પ્રયત્ન અને પરિણામ તથા સાધનો અને ઉદેશો વચ્ચે સમતુલા જાળવવાનુ કાર્ય એટલે અંકુશ.*
- *આયોજન ધ્યેય નક્કી કરે છે,અને અંકુશ તેને અસરકારક બનાવે છે.*
- *નક્કિ કરેલા આયોજન મુજબ એકમના તમામ કાર્યો  થાય છે કે નહિ તેની ચકાસણી કરવાનુ કાર્ય એટલે અંકશ.*
- *અંકુશ એટલે શું થઈ રહ્યુ છે તે નક્કિ કરવું થઈ રહેલા કાર્યનુ મૂલ્યાંકન કરવુ અને જો આવશ્યકતા લાગે તો જરૂરી સુધારાંના પગલાં લેવા જેથી પૂર્વનિર્ધારીત ધ્યેયો અનુસાર જ કામગીરી થાય.*

### ❖અંકુશના લક્ષણો :

અંકુશની વિવિધ વ્યાખ્યાઓ પરથી અલગ અલગ તારવેલી બાબતો અંકુશના લક્ષણો તરીકે નીચે પ્રમાણે સમજાવી શકાય.

| | |
|---|---|
| ⇒ **૧.સતત પ્રક્રિયા :** | **અંકુશના લક્ષણો :** |
| ⇒ **૨.રચનાત્મક કાર્ય** | |
| ⇒ **૩.આયોજન સાથે ગાઢ સંબંધ :** | |
| ⇒ **૪.દરેક સપાટીએ થતું કાર્ય :** | |
| ⇒ **૫.વ્યકિતલક્ષી પ્રવૃત્તિ :** | |
| ⇒ **૬.છેવટનુ કાર્ય :** | |
| ⇒ **૭.આંતરીક પ્રક્રિયા :** | |
| ⇒ **૮.ગતિશીલ પ્રક્રિયા :** | |
| ⇒ **૯.ભવિષ્ય સાથે સંબંધ :** | |
| ⇒ **૧૦.વૈધિક કે અવૈધિક હોઈ શકે :** | |

**૧.સતત પ્રક્રિયા :-**

- ✓ અંકુશ ને આયોજન સાથે નજીકનો સંબંધ છે.તેથી આયોજન શરૂ થાય એટલે અંકુશની કામગીરી આપો આપ શરૂ થતી હોય છે.આયોજન જેવી સતત પ્રક્રિયા છે.
- ✓ કર્મચારીઓ,પ્રવૃત્તિઓ અને વસ્તુઓ પર સતત દેખરેખ રાખી વિચલનો દુર કરવાની સતત પ્રક્રિયા છે તેથી કહી શકાય કે અંકુશ એ સતત ચાલતી કાયમી અને અવિરત પ્રવૃત્તિ છે.

**૨.રચનાત્મક કાર્ય-**

- ✓ અંકુશ એ નકારાત્મક કાર્ય નથી.પરંતુ સકારાત્મક અને રચનાત્મક કાર્ય છે.

- ✓ પ્રાચીન સામાન્ય અર્થમાં અંકુશ એટલે સ્વતંત્રતામાં અવરોધક પ્રવૃત્તિ.અંકુશ કર્મચારીઓની સ્વતંત્રતા ઝૂંટવી લે છે તેવુ માનવામાં આવતુ હતું પરંતુ વાસ્તવિક અર્થમાં એવુ નથી.
- ✓ અંકુશ તો રચનાત્મક કાય, છે.નક્કિ કરેલા ધ્યેયો અનુસાર કામગીરી થાય છે કે નહિ તે જૂએ છે.તેની દેખરેખ રાખે છે,વિચલનો શોધી દૂર કરે છે,અને જરૂર જણાય ત્યાં માર્ગદર્શનનુ કાર્ય પણ કરે છે.
- ✓ તેથી અંકુશ તો રચનાત્મક કાર્ય છે.

**૩.આયોજન સાથે ગાઢ સંબંધ :-**

- ✓ આયોજન અને અંકુશ એક સિક્કાની બે બાજુ સમાન છે.
- ✓ આયોજન અને અંકુશ પરસ્પર સંકળાયેલા છે.જો આયોજન કરવામાં ન આવે તો ધ્યેયો સ્થાપી શકાતા નથી,
- ✓ ધ્યેયો  ની સ્થાપના ન થાય તો,તેની સરખામણી થઈ શકતી નથી અને કામગીરી સાથે સરખામણી ન થાય તો વિચલનો મળતા નથી અને વિચલનો ન મળે તો અંકુશની જરૂર જ ન રહે.આમ,આયોજન એ જ અંકુશનો જન્મદાતા છે.

**૪.દરેક સપાટીએ થતું કાર્ય :-**

- ✓ અંકુશ એ કોઈ એક વિભાગ કે ખાતાંની પ્રવૃત્તિ નથી.પરંતુ અંકુશ એ સંચાલનની દરેક સપાટીએ થતું કાર્ય છે.
- ✓ અંકુશની જરૂરિયાતનો આધાર એ બાબત પર નિર્ભર છે કે તે કઈ સપાટીએ છે.
- ✓ જો ઉચ્ચ સપાટી સંચાલન હોય તો અંકુશની જરૂરિયાત પ્રમાણમાં ઓછી રહે પણ તળ સપાટી હોય તો અંકુશની જરૂરિયાત વિશેષ પ્રમાણમાં રહે છે.આમ અંકુશ સંચાલનની જેમ દરેક સપાટીએ થતુ કાર્ય છે.

**૫.વ્યકિતલક્ષી પ્રવૃત્તિ :-**

- ✓ અંકુશએ કર્મચારીલક્ષી પ્રવૃત્તિ છે.એકમમાં કર્મચારીઓ પર અંકુશ રાખવામાં આવે છે.
- ✓ અન્ય કર્મચારીઓ દ્વારા અંકુશ રાખવામાં આવે છે.અને તેમાં જો વિચલનો મળે તો તે પણ કર્મચારીને આભારી જ હોય છે.
- ✓ આમ અંકુશના કેન્દ્રસ્થાને કર્મચારી છે તેથી તે વ્યકિતલક્ષી પ્રવૃત્તિ છે.

**૬.છેવટનુ કાર્ય :-**

- ✓ અંકુશ એ સંચાલન પ્રક્રિયાનુ અંતિમ અને છેવટનું કાર્ય છે.
- ✓ અંકુશનુ કાર્ય શરૂ થતાં પહેલા અનિવાર્ય શર્ત એ છે કે સંચાલનના બધાં જ કાર્યો નક્કિ થઈ જવા જોઈએ.
- ✓ સૌપ્રથમ આયોજનમાં ધ્યેય નક્કિ થાય,વ્યવસ્થાતંત્રમાં સત્તા-જવાબદારીની વંહેચણી થાય,કર્મચારી વ્યવસ્થામાં દોરવણી,માર્ગદર્શન અપાય અને ત્યાર બાદ અંકુશનુ કાર્ય શરૂ થાય છે.
- ✓ તેથી કહી શકાય કે અંકુશ એ સંચાલનનુ છેવટનુ કાર્ય છે.

**૭.આંતરીક પ્રક્રિયા :-**

- ✓ આયોજનમાં ઘડવામાં આવતાં કાર્યક્રમોને આંતરીક અને બાહ્ય પરિબળો અસર કરે છે.
- ✓ જેમાંથી અંકુશ આંતરીક પરિબળોને નિયંત્રણમાં રાખે છે જયારે બાહ્ય પરિબળો જોખમમાં મૂકે છે.
- ✓ આમ અંકુશ માત્ર એકમની આંતરીક શક્તિઓ પર જ રાખી શકાય છે તેથી આંતરીક પ્રક્રિયા ગણાય છે.

**૮.ગતિશીલ પ્રક્રિયા :-**

- ✓ અંકુશ એ જડ અને સ્થિર નથી પરંતુ પરિવર્તનશીલ અને ગતિશીલ છે.
- ✓ કારણ કે સમય સંજોગો બદલાતા અંકુશના ધોરણોમાં પણ ફેરફાર કરવામાં આવે છે.
- ✓ નવા ધોરણો અમલમાં આવે છે અને અંકુશ સતત બદલાયા કરે છે.

**૯.ભવિષ્ય સાથે સંબંધ :-**

- અંકુશ ભવિષ્ય સાથે સંબંધ ધરાવે છે.સંચાલક ભૂતકાળ પર કાબુ રાખી શકે નહિ,ભુતકાળમાં બનેલા બનાવો અને ઘટનાઓનું મુલ્યાંકન કરી તેને પુનરાવર્તન ન થાય અને વિચલનો શકય તેટલા ઓછા થાય તે માટે નિયંત્રણો રાખવાનું કાર્ય કરે છે.તેથી કહી શકાય કે અંકુશએ ભાવિ સુધારણા તરફનો ખ્યાલ છે.

**૧૦.વૈધિક કે અવૈધિક હોઈ શકે :-**

- એકમમાં કે વ્યવસ્થાતંત્રમાં ઉત્પાદનનાં સંદર્ભમાં અંકુશના ધોરણો ઔપચારીક કે વૈધિક રીતે ઘડવામાં આવે છે.

- ઘણી વાર માનવીય સંબંધો અને પરિસ્થિતીની અસરકારકતાને લીધે આ અંકુશ વ્યવસ્થા અવૈધિક પણ બને છે.

**૨. અંકુશનુ મહત્વ સમજાવો.**

જવાબ:

*“આદર્શ અંકુશ વ્યવસ્થા બધાં જ વિભાગોને માર્ગદર્શન આપીને સંકલન કેળવે છે.”*
*“ઉચ્ચ અંકુશ વ્યવસ્થા આપો આપ જ જોખમકારક બિંદુ તરફ આંગળી ચીંધે છે.”*
*“અંકુશ વ્યવસ્થાએ નિષેધાત્મક કે નકારાત્મક કાર્ય નથી પણ એ તો રચનાત્મક અને સકારાત્મક કાર્ય છે.”*

આયોજન કર્યા બાદ જો અંકુશ રાખવામાં ન આવે તો કદાચ આયોજન સંપૂર્ણપણે અસફળ રહેવાની શકયતા વધી જાય છે. જેવી રીતે આયોજન સંચાલન સફળતાનુ પ્રથમ પગથિયુ છે તેવી જ રીતે અંકુશ અંતિમ પગથીયુ છે.

**અંકુશનુ મહત્વ નીચેના મુદ્દાઓ પરથી વધુ સ્પષ્ટ થશે.**

| | |
|---|---|
| ➲ ૧.ધ્યેય સિદ્ધિમાં મદદરૂપ :- | અંકુશનું મહત્વ |
| ➲ ૨.આયોજન અસરકારક બનાવે છે. | |
| ➲ ૩.દોરવણીના કાર્યમાં સહયોગ :- | |
| ➲ ૪.વિચલનો તપાસે છે :- | |
| ➲ ૫.સત્તાસોંપણી માટે આવશ્યક :- | |
| ➲ ૬.સંકલન સાધી શકાય :- | |
| ➲ ૭.ભૂલો અને વિચલનોની શોધ :- | |
| ➲ ૮.કાર્યક્ષમતાનુ બેરોમીટર :- | |
| ➲ ૯.કાર્યનું મુલ્યાંકન :- | |
| ➲ ૧૦.કામગીરીના સાધનો અને ઓજારો પુરાં પાડે છે :- | |

**૧.ધ્યેય સિદ્ધિમાં મદદરૂપ :-**

✓ અંકુશ એકમના પૂર્વનિર્ધારિત ઉદ્દેશો પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે.ઈચ્છિત ધ્યેય પાર પાડવામાં અંકુશ સહયોગી બને છે.

**૨.આયોજન અસરકારક બનાવે છે.**

✓ અંકુશ અને આયોજન વચ્ચે ગાઢ સબંધ છે જેથી અંકુશ દ્વારા આયોજન અસરકારક બને છે.

**૩.દોરવણીના કાર્યમાં સહયોગ :-**

✓ અંકુશ દોરવણી ના કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે.આયોજન મૂજબ કામ ન થાય ત્યારે અંકુશ જરૂરી માર્ગદર્શન આપે છે.

**૪.વિચલનો તપાસે છે :-**

✓ અંકુશ કામગીરીના વિચલનો તપાસે છે.અને દૂર કરે છે છે.જેથી પૂર્વનિધારીત માર્ગે પાછા વળી શકાય.

**૫.સત્તાસોંપણી માટે આવશ્યક :-**

✓ અંકુશ સત્તાસોંપણી માટે અનિવાર્ય છે.

✓ તાબેદારોને કાર્યની સાથે સત્તા પણ આપવામાં આવે છે ત્યારે તાબેદારો આપખુદ ન બની શકે તે માટે તેઓ પર અંકુશ રાખવામાં આવે છે.આમ ઉત્તરદાયિત્વના ભાગરૂપે અંકુશ જરૂરી બને છે.

**૬.સંકલન સાધી શકાય :-**

✓ અંકુશ દ્વારા સંકલન સરળ બને છે.જયાં સંકલનનો અભાવ હોય ત્યાં અંકુશ દ્વારા સંકલન સાધવામાં આવે છે.

**૭.ભૂલો અને વિચલનોની શોધ :-**

✓ અંકુશ કાર્યમાં આવતી ભૂલો કે વિચલનોને પ્રાથમિક તબક્કે જ શોધીને દૂર કરે છે જેથી ભવિષ્યમાં તેનુ પુનરાવર્તન ન થાય.

**૮.કાર્યક્ષમતાનુ બેરોમીટર :-**

✓ ધંધાકીય એકમમાં અંકુશનું કાર્ય જેટલુ ચોક્કસ તેટલી સંચાલનની કાર્યક્ષમતા વધુ.આથી અંકુશને સંચાલનની કાર્યક્ષમતા માપવાનુ બેરોમિટર કહે છે.

**૯.કાર્યનું મુલ્યાંકન :-**

- ✓ સ્થાપિત ધોરણોને ખરેખર થયેલી કામગીરી સાથે સરખાવવામાં આવે છે તે અગાઉ કામગીરીનું માપન કરવામાં આવે છે જેથી કાર્યનું મુલ્યાંકન પણ શકય બને છે.


**૧૦.કામગીરીના સાધનો અને ઓજારો પુરાં પાડે છે :-**

- ✓ માપનની સંખ્યાત્મક,ગુણાત્મક,લાંબાગાળાના કે ટૂંકાગાળાનાં સાધનો કામગીરીનાં માપન માટેના મહત્વના આધાર છે.જે પૂરા પાડવાનું કાર્ય અંકુશ દ્વારા થાય છે.

**3. 🔒 અંકુશ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓની વિગતવાર સમજૂતિ આપો.**

**જવાબ:**

- અંકુશ સંચાલન પ્રક્રિયાનુ અંતિમ સોપાન છે.
- સંચાલન પ્રક્રિયા અવિરત ચાલતી જ રહે છે પરિણામે અંકુશ પણ સતત ચાલુ રહે છે.
- અંકુશની પ્રક્રિયાના મુખ્ય તબક્કાઓ ચાર ભાગમાં વંહેચવામાં આવ્યા છે.જે નીચે મુજબ દર્શાવી શકાય.




**૧.ધોરણોની સ્થાપના :-**

- ✓ અંકુશ પ્રક્રિયાની શરૂઆતનો પ્રથમ તબક્કો એટલે ધોરણોની સ્થાપના.
- ✓ આયોજનમાં નક્કિ કરેલા ધ્યેયોને અનુરૂપ ધોરણો સ્થાપિત કરવામાં આવે છે.
- ✓ આવા ધોરણોની પસંદગી સંચાલનની ઉચ્ચ સપાટીએ કરવામાં આવે છે.
- ✓ આવા ધોરણો સંખ્યાત્મક,ગુણાત્મક કે બંને પ્રકારના હોઈ શકે.સમયગાળાની દ્રષ્ટિએ આવા ધોરણો લાંબાગાળાના કે ટૂંકાગાળાના હોઈ શકે.
- ✓ જો ધોરણો લાંબાગાળાના હોય તો તેને ટૂંકાગાળામાં પરિવર્તીત કરવામાં આવે છે.
- ✓ દાં.ત.કંપની પોતાના વાષિંક હિસાબોના પાકાસરવૈયાને ત્રિમાસીક,છ માસીક એવી રીતે તૈયાર કરાવે છે.
- ✓ ધોરણો અતિ મહત્વકાંક્ષી હોવા જોઈએ નહિ.શકય એટલા વ્યવહારિક અને વ્યાજબી હોવા જોઈએ.

**૨.કામગીરીનુ માપન :-**

- ✓ પૂર્વનિર્ધારિત ધોરણો પ્રમાણે જ કામ થાય છે કે નહિ તે જાણવા માટે કાર્યોનું માપન જરૂરી છે.
- ✓ ખરેખર જે કામગીરી પ્રાપ્ત થઈ છે તેનો અહેવાલ નિયમિત રીતે ઉચ્ચ સપાટીએ રજૂ કરવામાં આવે છે.
- ✓ જેના દ્વારા એકમની કામગીરીનુ માપન કરવામાં આવે છે.કામગીરીનુ માપન સંખ્યાત્મક રીતે,ગુણાત્મક રીતે કે બંને રીતે કરવામાં આવે છે.

**૩.થયેલ કામગીરીની સ્થાપિત ધોરણો સાથે સરખામણી :-**

- ✓ કામગીરીનુ માપન થઈ જાય પછી ખરેખર થયેલ કામગીરી અને સ્થાપિત ધોરણો ની સરખામણી કરવામાં આવે છે.

- ✓ આ સરખામણી વડે જે તફાવત મળે છે તેને વિચલન કહે છે.આવા વિચલન મુખ્યત્વે બે પ્રકારના હોય છે.
- ✓ ૧) સામાન્ય કે સ્વીકાર્ય વિચલન અને ૨) અસામાન્ય કે અસ્વીકાર્ય વિચલન.જો વિચલનો અસ્વીકાર્ય હોય તો સુધારાલક્ષી પગલાં લેવા પડે છે.
- ✓ આમ અંકુશનો હેતુ કામગીરીના વિચલનો તપાસી તેને દૂર કરવા અને સુધારાલક્ષી પગલાં લેવાનો છે.

**૪.સુધારાલક્ષી પગલાં :-**

- ✓ અંકુશ પ્રક્રિયાનો અંતિમ તબક્કો એટલે સુધારાલક્ષી પગલાં લેવાનો છે.જેમાં નીચેના તબક્કાઓ અનુસરવામાં આવે છે.

**(અ) પરિસ્થિતીમાં ફેરફારો ન કરવા :**

- ✓ જો વિચલનો સામાન્ય કે સ્વીકાર્ય હોય તો પરિસ્થિતીમાં ફેરફાર કરવાની જરૂર રહેતી નથી.

**(બ) પરિસ્થિતીમાં ફેરફાર  કરી વિચલનો દુર કરવા :**

- ✓ જો વિચલનો અસામાન્ય હોય તો ફેરફાર કરી વિચલનો દૂર કરવા જોઈએ જેથી ભવિષ્યમાં તેનુ પુનરાવર્તન ન થાય.

**(ક) ધોરણોમાં ફેરફાર કરી નવા ધોરણોની સ્થાપના :-**

- ✓ ઘણી વાર સતત પ્રયત્ન કરવા છતાં ધોરણોની નજીક પંહોચી શકાતુ ન હોય ત્યારે ધોરણો અતિ ઊંચા સ્થાપેલા ગણાય છે.
- ✓ આથી આવા ધોરણોમાં ફેરફાર કરી ફરી નવાં વ્યાજબી ધોરણો સ્થાપવા જોઈએ.
- ✓ કયારેક સ્થાપિત ધોરણો કરતાં વધુ સારાં પરિણામો પ્રાપ્ત થાય છે.
- ✓ તેનો મતલબ ધોરણો અતિ નીચા સ્થાપેલા ગણાય.ત્યારે પણ ધોરણોમાં ફેરફાર કરી ફરી વ્યવહારિક ધોરણો સ્થાપવામાં આવે છે.
- ✓ આમ,અંકુશ દ્વારા કામગીરીના વિચલનો શોધવામાં આવે છે.
- ✓ તેના મૂળ સુધી પંહોચવામાં આવે છે.તેના કારણો દર્શાવવામાં આવે છે.
- ✓ વિચલનોના કારણોમાં મુખ્યત્વે બેદરકારી કે અતિઉચ્ચ અપેક્ષા હોય છે.
- ✓ તેને દુર કરવામાં આવે છે અને શક્ય તેટલા આયોજનની નજીક પંહોચવાનો પ્રયત્ન કરવામાં આવે છે.